INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૬-૦૬-૨૦૨૬**

- **ભાજપ સરકારના શાસનમાં અસહ્ય મોંઘવારીએ પ્રજાની કમર તોડી: ૨૦૧૪ની સરખામણીએ ૨૦૨૬માં જીવનજરૂરી ચીજવસ્તુઓ અને ઇંધણના ભાવમાં તોતિંગ વધારો : ડૉ.હિરેન બેન્કર.**
- **અસહ્ય મોંઘવારીથી ગૃહિણીઓનું રસોડાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાયું: મોઘવારી નાથવામાં ભાજપ સદંતર નિષ્ફળ : ડૉ.હિરેન બેન્કર**
- **સરકાર તાત્કાલિક અસરથી ખાદ્ય પદાર્થો પરના ટેક્સમાં ઘટાડો કરે, સંગ્રહખોરો સામે કડક પગલાં ભરે : ડૉ.હિરેન બેન્કર**

કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારની જનવિરોધી નીતિઓ અને આડેધડ આર્થિક સંચાલનના કારણે આજે દેશ અને ગુજરાતની જનતા મોંઘવારીના અસહ્ય બોજ હેઠળ દબાઈ ગઈ છે. 'અચ્છે દિન'ના મોટા-મોટા પોકળ વાયદાઓ કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ૧૨ વર્ષના કેન્દ્રના શાસનમાં સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવવું મુશ્કેલ બની ગયું છે.૨૦૧૪ની સરખામણીએ આજે ૨૦૨૬માં જીવનજરૂરી તમામ ખાદ્ય ચીજવસ્તુઓ, દૂધ અને ઇંધણના ભાવો બે ગણાથી ત્રણ ગણા વધી ગયા છે, જે ભાજપ સરકારની સદંતર નિષ્ફળતા દર્શાવે છે.જે ગરીબોની થાળીનો મુખ્ય આધાર છે તે ચોખા, તેલ અને દાળ આજે સામાન્ય માણસની પહોંચથી દૂર થઈ ગયા છે. ભાજપ સરકાર મૂડીપતિઓને ફાયદો કરાવવા માટે સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને આંતરરાષ્ટ્રીય બહાના હેઠળ સરકારે જનતાને રાહત આપવાના બદલે જીવનજરૂરી વસ્તુઓ પર કંટ્રોલ લાવવાની મોટી મોટી વાતો માત્ર કાગળ છે, વાસ્તવિકતામાં મોંઘવારી નિયંત્રિત કરવામાં સરકાર સદંતર નાકામ રહી છે. ૨૦૧૪માં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ (UPA) સરકાર હતી, ત્યારના ભાવો અને આજે મે ૨૦૨૬ના ભાવો વચ્ચે આભ-જમીનનો તફાવત જોવા મળી રહ્યો છે.

“અચ્છે દિન” ના વાયદા કરી મોંઘવારીના માર આપનાર ભાજપા સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.હિરેન બેન્કરે જણાવ્યું હતું કે બેરોજગારી ઐતિહાસિક સપાટીએ છે, યુવાનો નોકરીઓ માટે ભટકી રહ્યા છે, સામાન્ય પરિવારોની આવક ઘટી રહી છે બીજી બાજુ જીવનજરૂરી ચીજવસ્તુઓ પર પણ આકરો ટેક્સ અને જીએસટી (GST) ઝીંકીને સરકાર પોતાની તિજોરીઓ ભરી રહી છે અને પોતાના ગણ્યા-ગાંઠ્યા ઉદ્યોગપતિ મિત્રોને ફાયદો કરાવી રહી છે. આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે મધ્યમ વર્ગ અને ગરીબોના રસોડાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. જે રાઈનું તેલ ૨૦૧૪માં ૯૭ રૂપિયામાં મળતું હતું તે આજે ૧૮૯ રૂપિયાને વટાવી ગયું છે. સોયાબીન તેલના ભાવ બમણા થઈ ચૂક્યા છે. ગરીબો અને સામાન્ય પરિવારોના મુખ્ય ખોરાક એવા લોટ, દાળ, ચોખા અને દૂધના ભાવમાં પચાસથી પંચાણું ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

સિંગતેલ, સોયાબીન તેલ અને રાઈના તેલના ભાવ બમણા થઈ ચૂક્યા,ગરીબો અને મધ્યમ વર્ગના બાળકો માટે અનિવાર્ય એવા દૂધના ભાવમાં પણ ૨૩ રૂપિયા પ્રતિ લીટરનો તોતિંગ વધારો થયો છે. આ કોઈ સામાન્ય ભાવવધારો નથી પરંતુ ભાજપ સરકાર દ્વારા જનતાના ખિસ્સા પર મારવામાં આવેલી સીધી લૂંટ છે. ભાજપના શાસકો કયા મોંઢે વિકાસની વાતો કરે છે? સરકાર તાત્કાલિક અસરથી ખાદ્ય પદાર્થો પરના ટેક્સમાં ઘટાડો કરે, સંગ્રહખોરો સામે કડક પગલાં ભરે અને સામાન્ય જનતાને રાહત આપવા માટે સબસિડી શરૂ કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

| **આવશ્યક ચીજવસ્તુઓના ભાવોની સરખામણી (૨૦૧૪ - ૨૦૨૬):** | | | |
|---|---|---|---|
| આવશ્યક ચીજવસ્તુઓ (Commodities) | જુલાઈ ૨૦૧૪ ના ભાવ | મે ૨૦૨૬ ના વર્તમાન ભાવ | વધારો (અંદાજે) |
| ચોખા (Rice) | રૂ. ૨૮ / કિલો | રૂ. ૪૩ / કિલો | ૫૩.૫% |
| સોયાબીન તેલ (Soya Oil) | રૂ. ૮૪ / કિલો | રૂ. ૧૫૯.૫૯ / કિલો | ૯૦% |
| રાઈનું તેલ (Mustard Oil) | રૂ. ૯૭ / કિલો | રૂ. ૧૮૯.૩૧ / કિલો | ૯૫% |
| ખાંડ (Sugar) | રૂ. ૩૭ / કિલો | રૂ. ૪૬.૬૮ / કિલો | ૨૬% |
| દૂધ (Milk) | રૂ. ૩૭ / લીટર | રૂ. ૬૦ / લીટર | ૬૨% |
| ઘઉંનો લોટ (Wheat Atta) | રૂ. ૨૪ / કિલો | રૂ. ૩૬.૭૯ / કિલો | ૫૩% |
| તુવેર દાળ (Tur Dal) | રૂ. ૭૦ / કિલો | રૂ. ૧૨૨.૩ / કિલો | ૭૪.૭% |
| મગ દાળ (Moong Dal) | રૂ. ૮૭ / કિલો | રૂ. ૧૧૧.૪૫ / કિલો | ૨૮% |

હિરેન બેંકર

(ડૉ. હિરેન બેંકર)

પ્રવક્તા